

કેન્દ્ર અને રાજ્યો ટીમ ઇન્ડિયાની જેમ કામ કરે : મોદી

Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૧ ૧૧ મે, ૨૦૧૫, સોમવાર ; વૈશાખ વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૧૩,૬૨૧ પ્રવેશપાત્ર બાળકો શોધાયા

## પ્રવેશોત્સવ માટે શિક્ષણતંત્રએ કરેલો સર્વે : ગત વર્ષ કરતાં ૧૧૦૦ બાળકો વધુ મળ્યા : સમાજશાસ્ત્રીઓ કહે છે આરોગ્ય વિભાગમાં નોંધાતી પ્રસુતિની સંખ્યા કરતાં ઘણી ઓછી સંખ્યા : નવો વિવાદ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ૧૩,૬૨૧ પ્રવેશપાત્ર બાળકો જણાયા છે તેમને આગામી શાળા પ્રવેશોત્સવ દરમ્યાન પ્રા. શાળામાં દાખલ કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા પ્રવેશપાત્ર બાળકોના સર્વે માટેનું અભિયાન યોજવામાં આવ્યુ હતુ. જેમાં ઘેર ઘેર ફરી કરાયેલ સર્વેને અંતે ૧-૬-૨૦૧૫ની દૃષ્ટિએ જિલ્લામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૩,૬૨૧ જેટલી જણાઈ છે.

મળતી વિગતો પ્રમાણે પ્રવેશપાત્ર ઓળખી કાઢવામાં આવેલા બાળકોમાં ૬,૩૫૫ કુમાર અને ૫,૯૬૬ કન્યાઓ છે. જેમાં સૌથી વધારે બાળકો ગાંધીનગર તાલુકામાં મળ્યા છે જેમની સંખ્યા ૫૧૦૦ કરતાં વધુ છે.

શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ સર્વે મુજબ ગત શૈક્ષણિક વર્ષમાં નોંધાયેલ બાળકો કરતાં ૧૧૦૦ બાળકો આ વર્ષે વધુ છે. જિલ્લામાં નામાંકન ૧૦૦ ટકા થતુ નથી તે પણ એક હકીકત છે. કેટલાક બાળકો ખાનગી સ્કૂલોમાં પ્રવેશ સીધો લેતા હોય છે.

શિક્ષણ વિભાગ દ્વારા કરાયેલ સર્વે એ સમાજશાસ્ત્રીઓમાં વિવાદનો મધપૂડો છંછેડાયો છે. તેઓ કહે છે કે

● અનુસંધાન પાન-૭ પર

# બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડિરેક્ટરોની નિમણુંકો માટે ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકાર હસ્તકના કેટલાક બોર્ડ-નિગમો ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો ટુંકમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક બોર્ડ-નિગમોમાં બે તબક્કામાં ચેરમેન-ડિરેક્ટરોની નિમણુંક કરવામાં આવ્યા બાદ બાકીના મોટા અને મહત્વના બોર્ડ નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંકો પર બ્રેક મારી દેવામાં આવી હતી.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ આગામી દિવસોમાં આવી રહી છે ત્યારે કાર્યકરો અને આગેવાનોમાં ચૂંટણી કામગીરી માટે ઉત્સાહ વધે અને કાર્યકરોની નારાજગી દૂર થાય તે માટે બાકી કેટલાક બોર્ડ નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરો માટે સંભવતી નામોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને સંગઠન અને સરકાર આ નામો પર સર્વસંમતિ સાધ્યા બાદ આખરી યાદી તૈયાર કરનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના મુખ્યમંત્રી આગામી સપ્તાહમાં ચીન અને સાઉથ કોરીયાના પ્રવાસે જઈ રહ્યા છે ત્યારે તેમના આ વિદેશ પ્રવાસ પહેલા કેટલાક બોર્ડ નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવ્યા હતા ત્યારે તેમની સાથે પણ બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંક અંગે પરામર્શ પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

છાંયડામાં માર્ગ - આંખને ઠારે એવું દૃશ્ય... ધોમધખતા તાપમાં તડકો સહન કરી રાહદારીઓને ઠંડક આપવાનો સામુહિક સંકલ્પ વૃક્ષોએ કર્યો હોય એવો અદ્દભૂત કુદરતનો નજારો માણવાનું સદ્દભાગ્ય ગાંધીનગરને ભાગે પણ આવ્યું છે... ચ-૦ થી ઘ-૦ ઈન્ફોસિટી પાસેના સર્વિસ રોડની બંને બાજુના વૃક્ષો એવા સુંદર રીતે ગોઠવાયેલા છે કે રાહદારીઓને બારેમાસ ઠંડકવાળો માર્ગ ચાલવા માટે મળે... લીલાછમ વૃક્ષો, તાપ, ટાઢ અને વરસાદ ઝીલીને પણ વટેમાર્ગુઓને રાહત આપે છે... આ પ્રકૃત્તિને અનુભૂતિ અને કુદરતની કૃપાનો અનોખો સંયોગ રચાયો છે... અડધો કિલોમીટરનો આ માર્ગ નગરજનો માટે અનોખી અનુભૂતિ આપે છે... વૃક્ષો તો વર્ષો પહેલા રોપાયા હતા, પરંતુ વૃક્ષોની વચ્ચે થઈને માર્ગ નિર્માણનું ઈજનેરી કૌશલ્ય પણ સલામને પાત્ર છે...



મધર્સ ડે - કોઈ ગીફ્ટ નથી... કોઈ કાર્ડ નથી... ઉજવણીનું કોઈ નામ નથી... આમ છતાં નિરંતર છલકાતું વાત્સલ્ય મધર્સ-ડેની ભાવનાને ઉજાગર કરે છે... ભણેલી હોય કે અભણ હોય... શ્રીમંત હોય કે ગરીબ હોય, શહેરમાં હોય કે, ગામડામાં હોય, મહેલમાં હોય કે ઝુંપડામાં હોય, 'મા' એટલે 'મા'... 'મા' બાળકો માટે નિરંતર વહેતી ગંગા અને જમનાના પ્રવાહ કરતા પણ વધુ સાતત્યપૂણ છે... વાત્સલ્યપૂર્ણ છે... અને એટલે જ આપણી ગુજરાતી ભાષામાં કવિ બોટાદકરે લખ્યું છે કે 'જનની જોડ સખી નહિ જડે રે....' નાના અમથા ખોરડામાં ખાટલે બેસી બાળકોને હેત અને પ્રેમથી જમાડે છે અને રમાડે છે... એ જ મધર્સ ડેની સાચી ઉજવણી છે...

# રાજ્યમાં ૫૨૩ સિંહ : ૨૭ ટકા વધારો

## સિંહ સંખ્યા ૨૦૧૦માં ૪૧૧ હતી જે વધીને ૫૨૩ થતાં ગુજરાતનું ગૌરવ વધ્યુ : જૂનાગઢમાં ૨૬૮ સિંહની સંખ્યા નોંધાઈ

સાસણ,તા. ૧૦

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે સાસણગીર ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં સિંહની વસતી ગણતરીનો આંકડો જાહેર કર્યો હતો. સારા સમાચાર એ છે કે, વર્ષ ૨૦૧૫ની વસતી ગણતરીના અંદાજ મુજબ સિંહની વસતી ૪૧૧થી વધીને ૫૨૩ ઉપર પહોંચી ગઈ છે. એટલે કે સિંહની સંખ્યામાં ૨૭ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ગીરના વન્યમાં સિંહની વસતીનો આંકડો સતત વધ્યો છે. આના માટે જુદા જુદા કારણોને જવાબદાર ગણવામાં આવે છે. સિંહની સંખ્યામાં ૧૧૨ અને ટકાવારીની દૃષ્ટિએ ૨૭ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ૫૨૩ સિંહમાં ૧૦૯ નરસિંહ અને ૨૦૧ માંદા સિંહનો સમાવેશ થાય છે. ૨૦૧૩ બાળ સિંહનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલી મેના દિવસે સિંહની વસતીગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પાંચ વર્ષમાં એક વખત સિંહની વસતી ગણતરી થવા લાગી ગઈ છે. સૌરાષ્ટ્રના આઠ જિલ્લાઓને આવરી લઈને વસતી ગણતરીની પ્રક્રિયા ચાલી હતી. સિંહ વસતી ગણતરીનો અંતિમ તબક્કો મંગળવારે પૂરો થયો હતો. આનંદીબેન બે દિવસના પ્રવાસે સાસણના પ્રવાસે પહોંચ્યા છે. તમામના સામૂહિક પ્રયાસોથી સિંહની વસતીમાં વધારો થયો છે જે ગૌરવની બાબત છે. રાજ્ય સરકાર



ઉત્સાહમાં આવી ગઈ છે. વર્ષ ૧૯૬૩ બાદથી ગિર અભ્યારણમાં દર પાંચ વર્ષના અંતરે સિંહની ગણતરી કરવામાં આવે છે. ૧૯૬૮ બાદ દરેક વસ્તી ગણતરીમાં સિંહની વસ્તીમાં સરેરાશ ૧૦ ટકાનો વધારો નોંધાયો છે જે ખૂબ જ મોટી સફળતા સમાન છે. વર્ષ ૨૦૧૦માં થયેલી વસ્તી ગણતરી મુજબ સિંહની સંખ્યા ૪૧૧ હતી જે વધીને આજે ૫૨૩ ઉપર પહોંચી હતી. ગિર એશિયન સિંહ માટે એકમાત્ર સ્થળ તરીકે છે. ૧૪૧૨ વર્ગ કિલોમીટરના વિસ્તારમાં સિંહ રહે છે. રાજકોટ અને જામનગરમાં પ્રથમ વખત સિંહની ગણતરી થઈ હતી. સિંહની વસ્તી ગણતરીની પ્રક્રિયા દર પાંચ વર્ષે ૧૯૬૩ બાદ પહેલી મેથી ૫મી મે દરમિયાન કરવામાં આવે છે.

### ક્યાં કેટલા સિંહ

| જગ્યા | સિંહની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ જિલ્લા | ૨૬૮ |
| અમરેલી | ૧૭૪ |
| ગીર સોમનાથ | ૪૪ |
| ભાવનગર | ૩૭ |

### સિંહોનું ચિત્ર

| | |
|---|---|
| કુલસિંહ | ૫૨૩ |
| નર સિંહ | ૧૦૯ |
| માંદા સિંહ | ૨૦૧ |
| બાળ સિંહ | ૨૧૩ |







